સૂત્ર (૯-૨૩) પ્રયોજન: વિનયના ભેદ જણાવે છે.

ज्ञान दर्शन चारित्रोपचाराः ९-२३

જ્ઞાન દર્શન ચારિત્રોપચારાઃ ૯-૨૩

જ્ઞાન દર્શન ચારિત્ર ઉપચારાઃ ૯-૨૩

શબ્દાર્થ:

જ્ઞાન = જ્ઞાન વિનય ; દર્શન = દર્શન વિનય

ચારિત્ર = ચારિત્ર વિનય ; ઉપચાર = ઉપચાર વિનય

સૂત્રાર્થ: જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, અને ઉપચાર વિનય [એમ વિનયના ચાર ભેદ છે.].

ભાવાર્થ:

વિનયના મુખ્ય બે ભેદ છે. વાસ્તવિક વિનય અને ઉપચાર વિનય.

વાસ્તવિક વિનય: દર્શન, જ્ઞાન, ચારિત્રની (મોક્ષમાર્ગની) સ્વયં આરાધના કરવી.

ઉપચાર વિનય: જ્ઞાનાદિ ગુણોથી યુક્ત અન્ય આરાધકોનો યથાયોગ્ય વિનય કરવો.

બંને મળીને સૂત્રકારે વિનયના ચાર ભેદ કહ્યા છે.

(૧) જ્ઞાન વિનય:

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાનની તથા તે તે જ્ઞાનના તે તે સાધનની ઇજ્જત કરવી, જ્ઞાનની ભક્તિ કરવી, જ્ઞાન ઉપર બહુમાનભાવ રાખવો, જ્ઞેય પદાર્થોનું ચિંતન કરવું, વિધિપૂર્વક નવું જ્ઞાન ગ્રહણ કરવું વગેરે જ્ઞાનવિનય છે.

(૨) દર્શનવિનય:
દર્શન એટલે શ્રદ્ધા. પરમાત્માએ કહેલ તત્ત્વો ઉપર દઢ શ્રદ્ધા, પ્રીતિ કરવી. સમ્યક્ત્વના ૬૭ ગુણો અને તેમાં પણ વિશેષ કરીને શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આદિ ગુણો પ્રાપ્ત કરવા. ઉપકાર કરનારા દેવ-ગુરુ આદિ પ્રત્યે ભક્તિભાવ રાખવો અને આશાતનાનો ત્યાગ તે દર્શન વિનય.

(૩) ચારિત્ર વિનય: સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત આ પાંચ ચારિત્રની શ્રદ્ધા રાખવી કરવી. આવા ચારિત્ર ધર્મોને શાસ્ત્રાનુસારે જાણીને યથાશક્તિ જીવનમાં ઉતારવો. તેનું યથાર્થ પાલન કરવું. આવા ચારિત્રવાન મહાત્માઓ પ્રત્યે ભક્તિ, બહુમાન રાખવું અને આવો ચારિત્રમાર્ગનો ઉપદેશ આપવો તે ચારિત્ર વિનય.

(૪) ઉપચાર વિનય: જે જે આત્માઓ આપણાથી સમ્યગ્દર્શન આદિ ગુણોથી અધિક હોય તેવા ગુણીયલ ગુરુઓ તથા બહારથી [illegible] આવે ત્યારે તેમની સન્મુખ જવું, અંજલિ જોડવી (પ્રણામ કરવા), ઉભા થવું, આસન આપવું, વંદન કરવું, યોગ્ય વસ્ત્ર આદિ આપીને સત્કાર કરવો તથા તેમના ગુણોની પ્રશંસા કરવા દ્વારા સન્માન કરવું વગેરે ઉપચાર વિનય છે.

સૂત્ર (૯-૨૪) પ્રયોજન : વૈયાવચ્ચ નામના અભ્યંતર તપના દશ પેટાભેદ જણાવે છે.

आचार्योपाध्याय - तपस्वि - शैक्षक - ग्लान - गण - कुल - संघ - साधु - समनोज्ञानाम् ९-२४

આચાર્યોપાધ્યાય - તપસ્વિ - શૈક્ષક - ગ્લાન - ગણ - કુલ - સંઘ - સાધુ - સમનોજ્ઞાનામ્ ૯-૨૪

આચાર્ય - ઉપાધ્યાય - તપસ્વિ - શૈક્ષક - ગ્લાન - ગણ - કુલ - સંઘ - સાધુ - સમનોજ્ઞાનામ્ ૯-૨૪

**શબ્દાર્થ:**

આચાર્ય = પંચાચાર પાળે તે; ઉપાધ્યાય = શ્રુત પ્રદાન કરે તે

તપસ્વી = તપ કરનારા; શૈક્ષક = નવદીક્ષિત

ગ્લાન = રોગાદિ પીડાતા; ગણ = એક વાચનાવાળો સમૂહ

કુલ = અનેક ગણોનો સમૂહ; સંઘ = સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા

સાધુ = મોક્ષનો સાધક; સમનોજ્ઞ = જ્ઞાનાદિ ગુણો વડે સમાન ~~[illegible]~~

**સૂત્રાર્થ:** આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ [એ દશ જણાની વૈયાવચ્ચ એ વૈયાવચ્ચના દશ ભેદ છે].

**ભાવાર્થ:** વૈયાવૃત્ય એ સંસ્કૃત શબ્દ છે. તેનું પ્રાકૃતમાં વેયાવચ્ચ અથવા વેયાવચ્ચ થાય છે. વ્યાવૃત્ત એટલે વિશેષે પ્રવૃત્ત, ઓતપ્રોત, તલ્લીન,
વૈયાવૃત્ય એટલે સેવા કરવી. સેવા એક પ્રકારની હોવા છતાં સેવ્ય વ્યક્તિઓ (સેવા કરવા યોગ્ય વ્યક્તિઓ) દસ પ્રકારની છે તેથી સેવાના — વૈયાવૃત્યના દસ ભેદ છે.

~~**શંકા:** વિનય અને વૈયાવૃત્યમાં શું તફાવત છે?~~

~~**સમાધાન:** વિનયમાં આભ્યંતરિક પૂજ્યભાવ, સત્કાર, બહુમાન વિશેષ છે જ્યારે વૈયાવૃત્યમાં કાયિક (બાહ્ય) સેવા પ્રવૃત્તિઓ વિશેષ છે. વૈયાવૃત્ય કરવામાં ગુરુ મહાત્માઓ પ્રત્યેના પૂજ્યભાવથી અને બાહ્ય રીતે અહોભાવ હોવાથી પુણ્યબંધ કર્મોની નિર્જરા થાય છે.~~

કારણસર શંકા-સમાધાન કાઢી નાખ્યું છે.

વૈયાવૃત્યના દસ ભેદ નીચે પ્રમાણે છે.

(૧) **આચાર્ય:** જેઓ પાંચ આચાર પાળે અને અન્યને પળાવે. ગચ્છમાં વિશેષ વ્યક્તિ હોય. સૂરિમંત્રના આરાધક હોય. સાધુઓને શાસ્ત્રોનું અર્થપ્રદાન કરવામાં નિપુણ હોય. શાસનના હિતની ચિંતા કરવાની સઘળી જવાબદારી સંભાળનારા અને વહન કરનારા હોય.

(૨) **ઉપાધ્યાય:** ઉપ એટલે પાસે અને અધ્યાય એટલે ભણવું. સાધુઓ જેમની પાસે ભણે અર્થાત્ સાધુ સંતોને મુખ્યત્વે સૂત્રપાઠ કરાવવામાં અને ક્યારેક અર્થપાઠ કરાવવામાં નિપુણ હોય.

(3) <u>તપસ્વી</u>: છઠ્ઠ - અઠ્ઠમ આદિ વિશિષ્ટ તપ આચરનારા હોય. ઉત્કૃષ્ટ અને ઉગ્ર તપ કરનારા એટલે કે ચાર ઉપવાસ થી માંડીને છ માસ સુધીનો તપ કરનારા, શ્રેણીતપ, વર્ધમાન તપ કરનારા તે તપસ્વી.

(4) <u>શૈક્ષક</u>: શિક્ષણને યોગ્ય, જે નવદીક્ષિત હોય તે શૈક્ષક. સૂત્રો અને તેના અર્થો ભણવા રૂપ ગ્રહણ શિક્ષા અને તેમાં કહ્યા પ્રમાણે આચરણ કરવું તે આસેવન શિક્ષા. આ બન્ને શિક્ષાને યોગ્ય હોય અલ્પકાળમાં દીક્ષિત થયેલા મુનિ.

(5) <u>ગ્લાન</u>: રોગ વગેરેથી દુઃખી હોય તે ગ્લાન. જ્વર આદિ વ્યાધિથી પીડાતા મુનિ.

(6) <u>ગણ</u>: ગણ એટલે સમુદાય. વિચરતા એક આચાર્યનો અને તે આચાર્યની આજ્ઞામાં વર્તનારો સાધુ સમુદાય.

(7) <u>કુલ</u>: ગણોનો સમુદાય. અનેક ગચ્છો (ગણો)નો સમુદાય.

(8) <u>સંઘ</u>: સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો સમૂહ.

(9) <u>સાધુ</u>: જે ભવ્યો સંસાર ત્યાગ, સાવદ્યયોગ ત્યાગ, (જિનાજ્ઞાના) અનુસારે રત્નત્રયીની સાધનામાં વર્તે અને આત્માના ગુણોની સાધના કરે, આરાધના કરે તે સાધુ. બાહ્ય અને અભ્યંતર ગ્રંથિ વિનાના અર્થાત્ નિર્ગ્રંથ હોય.

(10) <u>સમનોજ્ઞ</u>: જેમનો પરસ્પર ગોચરી-પાણી આદિ લેવા-દેવાનો વ્યવહાર હોય તેવા સાધુ સમનોજ્ઞ કહેવાય છે.

સૂત્ર (૯-૨૫) પ્રયોજન: સ્વાધ્યાય તપના ભેદ બતાવે છે.

વાચનાપૃચ્છનાનુપ્રેક્ષામ્નાયધર્મોપદેશાઃ ૯-૨૫

વાચનાપૃચ્છનાનુપ્રેક્ષામ્નાયધર્મોપદેશાઃ ૯-૨૫

વાચના - પૃચ્છના - અનુપ્રેક્ષા - આમ્નાય - ધર્મોપદેશાઃ ૯-૨૫

શબ્દજ્ઞાન:

વાચના = પાઠ લેવો; પૃચ્છના = પૂછવું

અનુપ્રેક્ષા = ચિંતન કરવું; આમ્નાય = પરાવર્તના

ધર્મોપદેશ = ધર્મનું કથન કરવું

સૂત્રાર્થ: વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ [સ્વાધ્યાય પાંચ પ્રકારે કહ્યો છે]

ભાવાર્થ: સુ અર્થાત્ આત્માનો અધ્યાય અર્થાત્ અભ્યાસ. જેમાં સાંસારિક ભાવોનો નાશ થતો હોય અને આત્માના ગુણોનો ઉજાસ થતો હોય તથા શાસ્ત્રોનું અધ્યયન (અભ્યાસ) ને સ્વાધ્યાય કહેવાય છે. તેના પાંચ ભેદ આ પ્રમાણે છે.

(૧) વાચના: સાધુ-સાધ્વીને (તેમના યોગ્ય) અને ચતુર્વિધ સંઘને (સંઘને યોગ્ય) આગમ આદિનો પાઠ આપવો. આગમોના (સૂત્રોના) અર્થ વિવરણ સાથે શિષ્ય યોગ્ય બતાવવા - સમજાવવા.

(૨) પૃચ્છના: ભણાવેલા સૂત્રો અને અર્થ સંબંધિ પ્રશ્નો પૂછવા તે પૃચ્છના.

ગુરુએ જે સૂત્રો અને અર્થ ~~સંબંધિ~~ ભણાવ્યા તે
શિષ્યોએ બરાબર ન સમજાયા હોય અથવા સમજાયા હોય
પરંતુ તેમાં કંઈ શંકા હોય તો તે શંકાઓ શિષ્યોએ
ગુરુને પૂછવી તે પૃચ્છના.
આ ભણાવેલું શિષ્યોએ બરાબર સમજ્યું છે કે કેમ ?
તે ભણાવેલ અને ન સમજ્યું હોય તો સમજાવવા ગુરુ
શિષ્યોને જે પ્રશ્નો કરે તે પણ પૃચ્છના કહેવાય છે.

(૩) અનુપ્રેક્ષા: ભાવના, ભાવવું, વિચારવું તે અનુપ્રેક્ષા.
ભણેલા શાસ્ત્રોનું તથા તેના અર્થોનું તેમજ તેના
સંબંધમાં રહેલા આનુસંગિક ભાવોનું ચિંતન મનન
કરવું. પૂર્વાપર રીતે વિચારણા કરવી તે અનુપ્રેક્ષા.

(૪) આમ્નાય: શુદ્ધ ઉચ્ચારણ કરવા પૂર્વક સૂત્રો બોલવા.
એટલે કે નવા સૂત્રો ઉચ્ચારણ પૂર્વક વારંવાર બોલવા
દ્વારા કંઠસ્થ કરવા અને જુના કંઠસ્થ કરેલા સૂત્રો
વારંવાર બોલી જવાં (પુનરાવર્તન કરવું) તે.

(૫) ધર્મોપદેશ: સૂત્રોના અર્થો ઉપદેશાત્મક પદ્ધતિએ સમજાવવા
તે ધર્મોપદેશ. શિષ્યવર્ગને, સાધુ-સાધ્વીને અને ચતુર્વિધ સંઘને
યથાયોગ્ય રીતે ઉતારી શકાય તેવો હિતકારી ધર્મનો ઉપદેશ આપવો.

આ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી અધ્યયન કરનારને અને
કરાવનારને, સ્વ સ્વભાવમાં જ ઉદ્યમશીલ રહેવાથી, તેમજ વિભાવ-
દશાનો ત્યાગ થવાથી, તેમના પૂર્વોપાર્જિત કર્મોની નિર્જરા થાય છે.

**શંકા:** નવતત્ત્વ તથા અન્ય ગ્રંથોમાં સ્વાધ્યાયના પાંચ ભેદોમાં વાચના, પુચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા આવે છે. સૂત્ર ૯-૨૫ માં ભેદોના નામમાં થોડો ફેર છે. તેમના અર્થ એક જ છે કે જુદા જુદા ?

**સમાધાન:** તમારો પ્રશ્ન વ્યાજબી છે. હવે ક્રમમાં જોઈએ તો બંનેમાં વાચના અને પુચ્છનાનો ક્રમ સરખો છે. સૂત્ર ૯-૨૫ માં ત્રીજા નંબરે અનુપ્રેક્ષા છે જ્યારે નવતત્ત્વમાં ચોથા નંબરે અનુપ્રેક્ષા છે પરંતુ બંનેના અર્થ સરખા છે. તે જ રીતે સૂત્ર ૯-૨૫ માં ચોથા ક્રમમાં આમ્નાય છે જ્યારે જ્યારે નવતત્ત્વમાં ત્રીજા ક્રમમાં પરાવર્તના છે. આ રીતે નામ અને ક્રમ બંને જુદા છે પરંતુ અર્થ સમાન છે. સૂત્ર ૯-૨૫ માં પાંચમા ક્રમે ધર્મોપદેશ શબ્દ છે જ્યારે નવતત્ત્વમાં ધર્મકથા શબ્દ આવે છે. બંનેનો અર્થ સમાન છે માત્ર નામમાં ભેદ છે.

**સૂત્ર (૯-૨૬) પ્રયોજન:** વ્યુત્સર્ગ નામના આભ્યંતર તપના ભેદ જણાવે છે.

~~બાહ્યાભ્યન્તરોપધ્યોઃ~~ : ૯-૨૬

બાહ્યાભ્યન્તરોપધ્યોઃ : ૯-૨૬

બાહ્ય - અભ્યન્તર - ઉપધ્યોઃ : ૯-૨૬

**શબ્દાર્થ:** બાહ્ય-ઉપધિ = બાહ્ય દ્રવ્ય રૂપ જે ઉપધિ (ઉપકરણ આદિ)

અભ્યંતર - ઉપધિ = મમત્વ આદિનો ત્યાગ

**સૂત્રાર્થ:** બાહ્ય અને અભ્યંતર ઉપધિનો [ત્યાગ એમ બે પ્રકારે વ્યુત્સર્ગ છે].

ભાવાર્થ: વ્યુત્સર્ગ એ અભ્યંતર તપનો પાંચમો ભેદ છે. વ્યુત્સર્ગ એટલે ત્યાગ, વિશેષ ત્યાગ. આત્મસાધનામાં – ધર્મ-આરાધના કરવામાં જે જે વિઘ્નભૂત હોય, અડચણરૂપ હોય તેવી અધિક બિનજરૂરી હોય તેવી ઉપધિનો (વસ્તુનો) ત્યાગ તે વ્યુત્સર્ગ તપ કહેવાય છે, તેના બે ભેદ છે.

બાહ્ય ઉપધિ વ્યુત્સર્ગ અને અભ્યંતર ઉપધિ વ્યુત્સર્ગ.

(૧) બાહ્યોપધિ વ્યુત્સર્ગ: સંયમી જીવનમાં આવશ્યક બનતી જરૂરી એવી વસ્ત્ર, પાત્ર, આહાર અને ઔષધ આદિ સામગ્રી સિવાયની તમામ બાહ્ય પૌદ્ગલિક સામગ્રી (ઉપધિ)નો ત્યાગ કરવો. ન કલ્પે તેવા અજાણતા આવી ગયેલા આહાર-પાણી આદિનો પણ વિધિ આદિ પ્રમાણે ત્યાગ કરવો.

(૨) અભ્યંતરોપધિ વ્યુત્સર્ગ: આત્મામાં મિથ્યાત્વ, ક્રોધાદિ કષાયો અને શુભ-અશુભ યોગોના આધારે સતત કર્મો બંધાય છે. તે આત્મિક પરિણામોનો ત્યાગ કરવો, તેને અભ્યંતર ઉપધિ વ્યુત્સર્ગ કહેવાય છે.

રોગાદિના કારણે સંયમ પાળી શકાય તેમ ન હોય ત્યારે અધિક જ્ઞાની કે જ્ઞાનીના વચનથી મૃત્યુ સમય નજીક જણાય ત્યારે અનશન કરવા પૂર્વક સમતાભાવ સાથે કાયાનો ત્યાગ કરવો તે પણ અભ્યંતર ઉપધિ વ્યુત્સર્ગ કહેવાય છે.

આ બંને પ્રકારની ઉપધિનો વ્યુત્સર્ગ (ત્યાગ) કરવાથી મમત્વ, મૂર્છા ઓછા થતાં રાગાદિનો નાશ થવાથી વૈરાગ્ય-ભાવની વૃદ્ધિ થતાં પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે.